# દિવાળીના તહેવાર દરમિયાન મીઠાઇ-ફરસાણના વેપારીઓએ તકેદારી રાખવી

વડોદરા તા.૨૪

દિવાળીના તહેવારો દરમિયાન મીઠાઇ, ફરસાણ, ચોકલેટ, દૂધ, ઘી, માવો વગેરેની માંગ વધુ રહે છે. ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરતા તમામ વેપારીઓએ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ તથા તેના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહે છે.

વેપારીઓ દ્વારા વેચાણ કરવામાં આવતી વસ્તુઓમાં ખાસ કરીને દૂધની બનાવટો માટે પેક તથા લૂઝ મીઠાઇઓમાં બેસ્ટ બીફોર-યુઝ્ડ બાય ડેઇટ અવશ્ય લખવાની રહે છે. વેપારીઓએ સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં જ ખાદ્ય ચીજવસ્તુઓ બનાવવાની, વેચાણ કરવાની તેમજ સંગ્રહ કરવાની રહેશે. કોઇપણ જાતના અમાન્ય કલર-સુગંધિત દ્રવ્યો કે એડીટીવ્સ વાપરવાના રહેશે નહિ. તળવા માટે ઉપયોગ કરેલ ખાદ્યતેલનો વારંવાર ઉપયોગ કરવો નહિ. તમામ ખાદ્યચીજવસ્તુઓના પેકીંગ પર યોગ્ય લેબલ તથા તેની શેલ્ફલાઇફ અવશ્ય લખવી.

મીઠાઇ-ફરસાણ લૂઝ અવસ્થામાં વેચાણ કરવામાં આવે છે તેના કન્ટેઇનર કે ટ્રે પર બેસ્ટ બિફોર અથવા યૂઝ બાય ડેઇટ અવશ્ય લખવાની રહેશે તેમજ તે મીઠાઇ કે ફરસાણ જે ખાદ્યતેલ કે ઘી અથવા વનસ્પતિમાંથી બનાવવામાં આવ્યું હોય તેની વિગતો જાહેર કરવી. ડેરી આધારિત ઉત્પાદનોના સ્ત્રોતનો રેકર્ડ અવશ્ય નિભાવવાનો રહેશે. એફએએસએસએઆઇનું લાયસન્સ-રજીસ્ટ્રેશન જાહેર જનતા જોઇ શકે તે રીતે લગાવવું તેમજ હંગામી ધોરણે માંડવા-સામીયાણા બાંધીને વેચાણ કરતા વેપારીઓએ રજીસ્ટ્રેશન અવશ્ય કરાવવું.

તમામ મીઠાઇ-ફરસાણના વેપારીઓ નોટીસ બોર્ડ પર જાહેર જનતા જોઇ શકે તે માટે, વેપારી દ્વારા વેચવામાં આવતી ખાદ્યચીજવસ્તુઓ ઘી કે અન્ય ક્યા ખાદ્યતેલનો પ્રકાર, વનસ્પતિ અથવા અન્ય ફેટ સહિત વસ્તુઓ કયા કુકીંગ માધ્યમમાં બનાવવામાં આવ છે તે પ્રદર્શિત કરવું. આ અંગેની તમામ વિગતવાર ગાઇડલાઇન www.fssai.gov.in પર ઉપલબ્ધ છે, તેમ ખોરાક અને ઔષધ નિયમનના કમિશનર અને ડેઝીગનેટેડ ઓફિસરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એમજી મોટર ઇન્ડિયાએ અન્ય એક સીમાચિહ્ન બનાવ્યો, હેક્ટરનો ૧૦,૦૦૦ મો એકમ શરૂ કર્યો

એમજી (મોરિસ ગેરેજ) મોટર ઇન્ડિયાએ તેની હાલોલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં તેની પહેલી શરૂઆત કરી હતી તેણે હેક્ટરની ૧૦,૦૦૦ માં યુનિટ્સનું નિર્માણ કર્યું છે. દેશમાં હેક્ટરની શરૂઆતના માત્ર ચાર મહિનામાં સીમાચિહ્ન હાંસલ કરવામાં આવ્યું છે. કાર ઉત્પાદક તેના વૈશ્વિક અને સ્થાનિક વિક્રેતાઓના જથ્થામાં વધારો કરવાને ધ્યાનમાં રાખીને, આ વર્ષે નવેમ્બરમાં તેની બીજી પાળી શરૂ કરવા માટે, તેનું ઉત્પાદન વધારવાની યોજના ધરાવે છે. તેને એમજી હેક્ટર માટે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે, જેમાં ૩૮,૦૦૦ એકમોના બુકિંગ છે. બુકિંગ ફરીથી ખોલવાની સાથે, એમજી હેક્ટરને એસયુવી-સી સેગમેન્ટમાં સૌથી આકર્ષક દરખાસ્ત તરીકે વધુ વેગ મળ્યો છે. એમજી મોટર ઇન્ડિયાના પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર રાજીવ ચાબાએ જણાવ્યું છે કે અમારો પ્રયાસ આગામી મહિનામાં સમયસર વાહન ડિલિવરી દ્વારા ગ્રાહકોની સંતોષની ખાતરી કરવાનો છે. કાર ઉત્પાદકે તાજેતરમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ ભારતની પ્રથમ ઇન્ટરનેટ કાર, એમજી હેક્ટરની બુકિંગ ફરીથી શરૂ કરી છે. એમજી મોટર ઇન્ડિયા વિશે યુકેમાં ૧૯૨૪ માં સ્થપાયેલ, મોરિસ ગેરેજ વાહનો તેમની સ્પોર્ટ્સ કાર, રોડસ્ટર અને કેબીરોલેટ શ્રેણી માટે વિશ્વવિખ્યાત હતા. બ્રિટીશ વડા પ્રધાનો અને બ્રિટીશ રોયલ ફેમિલી સહિતના ઘણા હસ્તીઓ દ્વારા તેમની સ્ટાઇલ, લાવણ્ય અને ઉત્સાહપૂર્ણ કામગીરી માટે એમજી વાહનોની ખૂબ માંગ કરવામાં આવી હતી. યુ.કે.ના એબિંગ્ડન ખાતે ૧૯૩૦ માં સ્થપાયેલ એમ.જી. કાર કલબના એક મિલિયનથી વધુ વફાદાર ચાહકો છે, જે તેને કાર બેન્ડ માટે વિશ્વની સૌથી મોટી કલબમાંથી એક બનાવે છે. એમજી છેલ્લા ૯૫ વર્ષથી આધુનિક, ભાવિ અને નવીન બ્રાન્ડમાં વિકસિત થયા છે. એમજી મોટર ઇન્ડિયાએ ગુજરાતમાં હાલોલ ખાતેના તેના કાર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં તેનું ઉત્પાદન કામગીરી શરૂ કરી દીધી છે.

## માંજલપુર અલવાનાકા પાસે રહેતા

# યુવાનનો માથાભારે શખ્સોની ધમકીથી એસિડ પીને આપઘાત

વડોદરા, તા.૨૪

માંજલપુર અલવા નાકા વિસ્તારના પારસ નગરમાં રહેતા ૧૮ વર્ષના યુવાને માથાભારે ત્રણ શખ્સોએ માર મારી મારી નાંખવાની ધમકી આપતા ધમકીના ડરથી યુવાને ઘરે એસીડ ગટગટાવી લેતા તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જયાં તેનું મોત નિપજયું હતું.

બનાવની પ્રાપ્ત વિગતોનુસાર માંજલપુર અલવા નાકા પાસે આવેલ પારસનગર-૨માં સંતોષ અંટોરભાઈ રાઠોડીયા (ઉ.વ.૧૮)તેના પરિવાર સાથે રહેતો હતો

તેને કેટલાક આ વિસ્તારમાં રહેતા ઠાકોર, ગણેશ તથા દિપસિંહ અગમ્ય કારણોસર માર માર્યો હતો. અને મારી નાંખવાની ધમકી આપી હતી. માથાભારે ત્રિપુટીની ધમકીથી ડરી ગયેલા સંતોષ રાઠોડીયાએ ગત તા.૨૧મીના રોજ મોડી રાત્રે ઘરે એસીડ ગટગટાવી ગયો હતો. તે બાદ તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જયાં તેની સારવાર દરમિયાન તેનુ મોત નિપજયું હતુ.

આ બનાવની જાણ માંજલપુર પોલીસને કરવામાં આવતા પોલીસે આ બનાવ સંદર્ભે ત્રિપુટી શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી સાથે મૃતદેહને પોસ્ટમોર્ટમ કોલ્ડ રૂમમાં ખસેડવામાં આવ્યો હતો.

# યુપી,બિહાર, ગુજરાતમાં ભાજપને મોટો ફટકો, વિપક્ષી દળોએ બાજી મારી

ન્યુ દિલ્હી,તા.૨૪

સમગ્ર દેશની નજર મહારાષ્ટ્ર અને હરીયાણા વિધાનસભા ચૂંટણીના પરીણામ પર હતી. પરંતુ આ સાથે જ ૧૮ રાજ્યોની ૫૧ વિધાનસભા અને ૨ લોકસભા બેઠકો પર પણ ચૂંટણી થઇ હતી. જેની મતગણતરી પરિણામો પણ આવી ગયા હતા, વિધાનસભાની સાથે મહારાષ્ટ્રની સતારા લોકસભા બેઠક અને બિહારની સમસ્તીપુર લોકસભા બેઠક પર પેટા ચૂંટણી થઈ હતી.

ઉત્તરપ્રદેશની ૧૧ વિધાનસભા બેઠકોના પરિણામ આવ્યા જેમાં ગંગોહ, રામપુર, ઈગલાસ, લખનઉ કૈંટ, ગોવિન્દનગર, માનિકપુર, પ્રતાપગઢ, જૈદપુર, જલાલપુર, બલહા અને ઘોસી બેઠક સામેલ છે. છેલ્લા સુધીના અપડેટ મુજબ ૭ બેઠકો પર ભાજપ, ૨ પર સપા, ૧ પર બસપા અને ૧ બેઠક પર આપના દળનો વિજય નિશ્ચિત છે બિહારની ૫ વિધાનસબા બેઠકોના પરિણામ આવ્યા જેમાં કિશનગંજ, સિમરી બખ્તિયારુપર, દરોંદા,નાથનગર અને બેલહર વિધાનસભા બેઠક સામેલ છે. છેલ્લા સુધીના અપડેટ મુજબ ૨ બેઠકો પર આરજેડી, ૧ પર જેડીયૂ, ૧ પર અન્ય અને ૧ બેઠક પર આઈએમઆઈમનો કબ્જો છે.આસામની ૪ વિધાનસભા બેઠકોના પરિણામ આવ્યા જેમાં રંગપારા, સોનારી, રતબારી અને જનિયા બેઠક સામેલ છે. જેમાં ૩ પર ભાજપ અને ૧ પર આઈયૂડીએફનો વિજય નિશ્ચિત છે.હિમાચલ પ્રદેશની ૨ વિધાનસભા ચૂંટણીના પરિણામ આવ્યા હતા જેમાં ધર્મશાળા અને પચ્છાદ બેઠક સામેલ છે. આ બંને બેઠકો પર ભાજપનો વિજય નિશ્ચિત છે. તમિલનાડૂની ૨ વિધાનસભા ચૂંટણીના પરિણામ આવી રહ્યા છે જેમાં વિક્રવંદી અને નાનગુનેરી સામેલ છે. આ બંને બેઠકો પર છૈંઙ્ઘસ્દ્ધ આગળ હતું.

પંજાબની ૪ વિધાનસભા બેઠકોની ચૂંટણીના પરિણામ આવ્યા હતા જેમાં ફગવાડા, જલાલાબાદ, મુકેરિયાં અને દાખા સામેલ છે. જેમાં ૩ બેઠકો પર કૉંગ્રેસ અને ૧ બેઠક પર શિરોમણી અકાલી દળનો વિજય થયો છે.

કેરળની ૫ વિધાનસભા બેઠકોનાચૂંટણીના પરિણામ આવ્યા હતા જેમાં તિરૂવનંતપુરમ,અરૂર, કોન્ની, અર્નાકુલમ અને મંજેશ્વરમ સામેલ છે. સિક્કિમની ૩ વિધાનસભા બેઠકોના ચૂંટણીના પરિણામ આવ્યા હતા જેમાં પોકલોક કામરંગ, ગંગટોક અને મરતામ-રૂમટેક સામેલ છે. જેમાં ૨ બેઠકો પર ભાજપ જ્યારે એક બેઠક પર સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા આગળ છે .રાજસ્થાનની ૨ વિધાનસભા બેઠકોના ચૂંટણીના પરિણામ આવ્યા જેમાં મંડાવા અને નાગૌરની ખીંવસર સામેલ છે. જેમાં ૧ બેઠક પર આરએલપી અને ૧ બેઠક પર કૉંગ્રેસ આગળ છે. અરૂણાચલની પ્રદેશની ખોંસા પશ્ચિમ બેઠક પર નિર્દલીય ઉમેદવાર જ્યારે મધ્યપ્રદેશી ઝાબુઆ બેઠક પર કૉંગ્રેસ આગળ છે. ઓડિશામાં બારગઢ જિલ્લાની બીજેપુર બેઠક પર બીજેડી ઉમેદવાર જ્યારે છત્તીસગઢની ચિત્રકુટ બેઠક પર કૉંગ્રેસ આગળ છે.પુડુચેરીની કામરાજનગર બેઠક પર કૉંગ્રેસ તેમજ મેઘાલયની શેલ્લા બેઠક પર યૂનાઈટેડ ડેમોક્રેટિક આગળ છે. તેમજ તેલંગણાની હુઝૂરનગર બેઠક પર તેલંગણા રાષ્ટ્ર સમિતિ પાર્ટી આગળ છે.વિધાનસભાની સાથે મહારાષ્ટ્રની સતારા લોકસભા બેઠક અને બિહારની સમસ્તીપુર લોકસભા બેઠક પર પેટા ચૂંટણી થઈ હતી. મહારાષ્ટ્રની સતારા બેઠક પર એનસીપીના ઉમેદવાર આગળ છે, જ્યારે બિહારની સમસ્તીપુર બેઠક પર એલજેપીના ઉમેદવારની જીત થઈ છે.

# એનલાઈફ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા ગુજરાતી ફિલ્મ ''થપ્પો'ની ઘોષણા કરવામાં આવી

ગુજરાતી ફિલ્મના વધતા ક્રેઝ અને લોકોના ખુબજ સુંદર અભિપ્રાયો બાદ ગુજરાતના આંગણે આજે ૧ નવી એનલાઈફ એન્ટરટેઈન્મેન્ટ અને પ્રતિક શાહ દ્વારા ગુજરાતી ફિલ્મ થપ્પોની આજે જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જાણીતા કલાકારો જેઓએ આગામી ફિલ્મોમાં એમની ભૂમિકા સાથે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા છે. તેવા સ્ટાર કાસ્ટ મયુર ચૌહાણ, પ્રોડયુસર પ્રતીક શાહ (ફિલ્મ નિર્માતા, એનલાઈફ ગ્રુપ મેનેજીંગ ડાયરેકટર), રાઈટર હેમીન ત્રિવેદી, ધીરેન ગજજર અને એકટર મયુર ચૌહાણ અકા મિશેલ, ફરાઝ રાઉમાં અને અભિનેત્રી રિધ્ધિ યાદવ પ્રેસ કોન્ફેરેન્સમાં ઉપસ્થિત રહયા હતા. આ ફિલ્મ વિશે માહિતી આપતા પ્રોડયુસર પ્રતીક શાહ (ફિલ્મ નિર્માતા, એનલાઈફના ગ્રુપ મેનેજીંગ ડાયરેકટર) દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, આ ફિલ્મની મિડલ અને અપર કલાસ જનેરેશનને ટાર્ગેટ કરીને બનાવવામાં આવી છે. ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં આ સૌ પ્રથમવાર આવી રીતની ગુજરાતી કોમેડી ફિલ્મ હશે જ પ્રેક્ષકોને મન મૂકીને આનંદ આપશે. આ ફિલ્મમાં હમે કુદરતી દ્રશ્યો તેમજ બહારની કાલ્પનિક દુનિયાને વધારે મહત્વ આપીને સુંદર સેટો સાથે બનાવી છે. આ ફિલ્મનું શુટિંગ ગુજરાતમાં કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત મયુર ચૌહાણ જેઓએ પોતાની ભૂમિકા દ્વારા ગુજરાતી ઈન્ડસ્ટ્રીની ખુબજ લોકપ્રિય ફિલ્મો જેવી કરસંનદાસ પે એન્ડ યુઝ, પાગડી, છેલ્લો દિવસમાં કામ કર્યુ છે. આ ફિલ્મ પણ ચોકકસ લોકોમાં ઈન્ટરેસ્ટ જગાડશે. અને ૧ ખાનગી વાત કહેતા મને ખુબજ આનંદ થાય છે કે, આ વખતે હું પ્રેક્ષકોના દિલ જીતવાનો નથી પણ ચોરવાનો છું. આ ફિલ્મના ડાયરેકટર ધીરેન ગજજર છે.

# જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા ધન્વન્તરી પૂજન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન

વડોદરા તા.૨૪

વડોદરા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા ચોથા રાષ્ટ્રીય આયુર્વેદ દિનની ધન્વન્તરી પૂજન તથા પોષણ વિશેષાંક બુલેટીન સાથે ધામધૂમપૂર્વક ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલ તા. ૨૫ ઓકટોબર-૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૮ વાગ્યે પાણીગેટ સરકારી આયુર્વેદ કોલેજ ખાતે રન ફોર આયુર્વેદ, જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા ખાતે બપોરે ૩ કલાકે શાસ્ત્રોક્ત વિધી મુજબ મહાધન્વન્તરી પૂજન, સાંજે ૪ વાગ્યે પોષણ વિશેષાંક બુલેટીન-વિમોચન, આયુર્વેદ પધ્ધતિ દ્વારા ડેન્ગ્યુ પ્રતિરોધ પત્રિકા વિમોચન કરવામાં આવશે. આ ઉપરાંત તમામ સરકારી દવાખાનાઓ આયુષ-આરોગ્ય જાગૃત્તિ કાર્યક્રમો તથા આયુર્વેદ-હોમિયોપેથી નિદાન ચિકિત્સા કેમ્પો યોજાશે. મહાધન્વન્તરી પૂજનમાં સૌ કોઇને જોડાવવા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ડો. સુધીર જોષીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે. નાગરિકો હમેંશા સ્વસ્થ અને નિરોગી રહે અને સંજોગોવસાત આવશ્યક જણાય ત્યારે વધુમાં વધુ લોકોને આયુષ ચિકિત્સા પધ્ધતિનો લાભ લેવા અનુરોધ પણ કરવામાં આવ્યો છે.

# ધનતેરસે સમગ્ર દેશમાં ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો કારોબાર થવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૨૪

સમગ્ર દેશમાં જ્વેલર્સે ૨૫ ઓક્ટોબરે ધનતેરસ પર ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ જ્વેલરી, સિક્કા, વાસણ અને અન્ય સમાન વેચવાની તૈયારી કરી લીધી છે. તે ગત વર્ષની સરખામણીમાં ૨૦-૨૫ ટકા વધુ હશે. ગત સપ્તાહથી બજારમાં પરત ફરેલી રોનકથી ઉત્સાહિત જ્વેલર્સનું માનવું છે કે પહેલા કારોબાર નબળો રહેવાની શકયતા હતી, પરંતુ સોના-ચાંદીની કિંમતોમાં સ્થિરતાથી જ્વેલરી અને સિક્કાનું વેચાણ આશા કરતા સારું રહેવાનું અનુમાન છે. ખાસ કરીને લાઈટવેટ જ્વેલરી અને સિક્કાના કારોબારમાં ગત વર્ષની સરખામણીમાં ૩૦-૩૫ ટકાનો ઉછાળો આવવાની શકયતા છે.રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢના વિવિધ જ્વેલર્સ સાથે કરવામાં આવેલી વાતચીતના આધારે લગાવવામાં આવેલ અનુમાન મુજબ સમગ્ર દેશમાં ધનતેરસ પર ૨,૫૦૦ કરોડ રૂપિયાથી વધુના સોના-ચાંદીના સિક્કા, મૂર્તિઓ, વાસણ અને આભૂષણ વેચાવવાનું અનુમાન છે. તેમાં લગભગ ૧,૨૦૦ કરોડ રૂપિયાના ચાંદીના સિક્કા, લગભગ ૪૦૦ કરોડ રૂપિયાના સોનાના સિક્કા અને ૯૦૦ કરોડ રૂપિયાની ચાંદીની મૂર્તિઓ, વાસણ અને સિલ્વર જ્વેલરી સામેલ છે.

INEOS STYROLUTION
Driving Success. Together.

ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઇન્ડિયા લિમિટેડ

CIN: L25200GJ1973PLC002436
રજી. ઓફિસ : ૫ મો માળ, ઓહમ હાઉસ-૨, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩.
ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૩
E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

નોટીસ

સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીકવાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૪૭ સાથે વંચાતા નિયમન ૨૯ અને તેમાં કરાયેલા વખતોવખતના સુધારા અન્વયે આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક અન્ય બાબતોની સાથે ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને અર્ધ વાર્ષિકના કંપનીના અનઓડિટેડેટ નાણાંકીય પરીણામોની સ્વીકૃતિ માટે ૦૮મી નવેમ્બર, ૨૦૧૯ ના રોજ યોજાશે.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com અને સ્ટોક એકસચેન્જો એટલે કે બીએસઈ લીમીટેડ www.bseindia.com અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડ www.nseindia.com ખાતે, જ્યાં કંપનીના શેર્સ લીસ્ટેડ છે, ત્યાં પણ મુકવામાં આવી છે.

બોર્ડના આદેશથી
ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ
સહી/-
અભિજાત સિન્હા
હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૯
સ્થળ : વડોદરા

Diamines
Quality driven

DIAMINES AND CHEMICALS LIMITED

CIN NO: L24110GJ1976PLC002905
Registered Office: Plot No.13, PCC Area, P.O.Petrochemicals, Vadodara - 391346, Gujarat
Tel.: 0265 - 3920200, Fax: 0265 - 2230218, Web: www.dacl.co.in | E-mail ID: secretarial@dacl.co.in

EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2019

(₹ in lakhs, except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 30th Sept., 2019 (Unaudited) | 30th June, 2019 (Unaudited) | 30th Sept., 2018 (Unaudited) | 30th Sept., 2019 (Unaudited) | 30th Sept., 2018 (Unaudited) | 31st March, 2019 (Audited) |
| 1 | Total Income from Operations | 1615.67 | 1619.39 | 1136.28 | 3235.07 | 2701.25 | 4828.11 |
| 2 | Net Profit for the period before Tax and Exceptional Items | 819.84 | 687.76 | 415.76 | 1507.61 | 1131.50 | 1781.91 |
| 3 | Net Profit for the period before tax and after Exceptional Items | 819.84 | 687.76 | 415.76 | 1507.61 | 1131.50 | 1781.91 |
| 4 | Net Profit for the period after tax and Exceptional Items | 536.19 | 516.64 | 332.49 | 1052.84 | 864.13 | 1313.18 |
| 5 | Total Comprehensive Income for the period | 515.86 | 498.66 | 317.93 | 1014.52 | 832.76 | 1266.04 |
| 6 | Paid-up Equity Share Capital (Face Value Rs. 10/- per share) | 978.32 | 978.32 | 978.32 | 978.32 | 978.32 | 978.32 |
| 7 | Reserves excluding revaluation reserves as shown in balance sheet of previous year | | | | | | 3902.71 |
| 8 | Earning Per Share of ₹10/- each (not annualised) Basic and Diluted | 5.48 | 5.28 | 3.40 | 10.76 | 8.33 | 13.42 |

Notes:
1 The above results have been reviewed by the Audit Committee held on 23rd October, 2019 and subsequently approved by the Board of Directors in its meeting held on 24th October, 2019 prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (as amended) prescribed under Section 133 of the Companies Act, 2013.
2 The above is an extract of the detailed format of financial results for the Quarter and half year ended on 30th September, 2019 filed with the Stock Exchange under regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of above results are available on Stock Exchange website www.bseindia.com and Company's website www.dacl.co.in

By order of the Board of Directors
For Diamines and Chemicals Limited
Yogesh Kothari
Chairman
DIN : 00010015

Place : Mumbai
Dated : 24th October, 2019

ભારતીય સ્ટેટ બેંક
રસુલાબાદ શાખા (૦૮૩૪૦), રસુલાબાદ, તાલુકો - વાઘોડિયા,
જિલ્લો - વડોદરા-૩૯૧૫૧૦, ગુજરાત, ભારત
ઈમેલ : sbi.08340@sbi.co.in

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
[એક્ટ હેઠળ પરિશિષ્ટ-૪-નિયમ-૮(૧)]

જે મુજબ, નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેન્ક, રસુલાબાદ (૦૮૩૪૦), વડોદરા-૩૯૧૫૧૦.** સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અધિકૃત અધિકારી છે, તેમજ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ-૩ સાથે વાંચતાં કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી, નીચે નિર્દિષ્ટ બોરોઅર્સને નોટિસમાં નિર્દિષ્ટ રકમ નોટિસ મળ્યા તારીખ થી ૬૦ દિવસમાં પરત ચુકવી આપવા જણાવતી ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ છે.

બોરોઅર આ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી આ સાથે બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય-ના હોય), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય-ના હોય), ગેરન્ટરને તથા જાહેર જનતાને નોટિસ આપી સુચિત કરાય છે કે નીચે સહી કરનાર દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૪) હેઠળ, ઉપરોક્ત નિયમના નિયમ-૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી નીચે જણાવેલ તારીખના રોજ મિલકતનો પ્રત્યક્ષ કબ્જો મેળવી લેવાયેલ છે.

**બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય - ના હોય), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય-ના હોય), ગેરન્ટરને અને જાહેર જનતાને** આ સાથે સાવધાન કરવામાં આવે છે કે આ મિલકત સામે કોઈ સોદો કરવો નહિ અને જો આ મિલકત સામે કોઈ સોદો કરાશે તો તે ભારતીય સ્ટેટ બેન્કની નીચે કોઠામાં નિર્દિષ્ટ રકમ ચૂકવવાને આધિન રહેશે.

બોરોઅર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ની પેટા કલમ(૮)ની જોગવાઈઓને આધીન રહી, સમય રહેતાં સલામત અસ્કયામતો છોડાવી લે.

| બોરોઅરનું નામ | ૧૩(૨) નોટિસ તારીખ | બાકી લેણી રકમ રૂા. | ઈક્વિટેબલ ગિરો મુકાયેલ મિલકતના તમામ પીસ અને પાર્સલ | પઝેશન તારીખ અને પઝેશનનો પ્રકાર |
|---|---|---|---|---|
| શ્રી અશોક રમેશ સોલંકી શ્રીમતી નીરુબેન અશોક સોલંકી | ૧૫-૦૪-૨૦૧૯ | રૂા. ૭,૪૨,૧૨૧.૦૦ | ઘર નં.-બી-૭૬, નારાયણધામ સોસાયટી ભાગ-૨, આજવા રોડ, વડોદરા, ક્ષેત્રફળ ૫૮.૯૩ ચો.મી., રે. સ. નં. ૧૧૮, ૧૧૯ અને ૧૨૧, મોજે-ગામ-સયાજીપુરા, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ : વડોદરા. ચતુઃ સીમા આ મુજબ છે. પૂર્વ : પ્લોટ નં. બી-૭૭; પશ્ચિમ : પ્લોટ નં. બી - ૭૫; ઉત્તર : રે.સ.નં. ૧૧૬ સયાજીપુરા; દક્ષિણ : ૭.૫૦ મીટર સોસાયટી રોડ | ૧૯-૧૦-૨૦૧૯ અને સાંકેતિક કબજો |
| શ્રી દીપેશ ગિરીશકુમાર ખેતાની | ૦૫-૦૪-૨૦૧૯ | રૂા. ૧૧,૭૫,૯૩૪.૦૦ | રે. સ. નં. ૮૨૨/૧, ક્ષેત્રફળ ૧૦૦૯૭ ચો.મી. પૈકી ૮૩૨૦ ચો.મી. બિનકૃષિ જમીન, ડેવલપ સ્કીમ નામ "શિવધારા ફ્લેટ્સ", પૈકી ફ્લેટ નં. સી-૩૬, ક્ષેત્રફળ ૫૩૫ ચો.ફુટ, મોજે-વડોદરા કસબા તા. જિ.- વડોદરા. ચતુઃ સીમા આ મુજબ છે. પૂર્વ : કોમન પેસેજ, સીડી અને OTS; પશ્ચિમ : ઓપન સ્પેશ; ઉત્તર : ફ્લેટ નં. સી/૩૭ અને કોમન દિવાલ; દક્ષિણ : ખુલ્લી જગ્યા. | ૧૯-૧૦-૨૦૧૯ અને પ્રત્યક્ષ કબજો |
| શ્રી દીપકકુમાર ચંદુભાઈ નાયક અને શ્રીમતી કોકિલાબેન ચંદુલાલ નાયક (ગેરન્ટર) | ૨૫-૦૩-૨૦૧૯ | રૂા. ૨૦,૫૩,૭૧૭.૦૦ | ખુલ્લો પ્લોટ નં.-૧૩, ક્ષેત્રફળ ૧૦૮.૦૦ ચો.મી., સ્કીમ : કુસુમ રેસિડેન્સી, જે બિનકૃષિ જમીન રે. સ. નં. ૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૧૪૮.૦૦ ચો.મી., મોજે ગામ-સંધાસલ, તાલુકો-ડેસર, જિ. વડોદરા ખાતે આવેલ છે. ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : કુસુમ રેસિડેન્સીનો ૬ મીટર રોડ; પશ્ચિમ : પ્લોટ નં.-૧૨; ઉત્તર : કુસુમ રેસિડેન્સીનો ૬ મીટર રોડ; દક્ષિણ : પ્લોટ નં.-૧૪ | ૧૯-૧૦-૨૦૧૯ અને પ્રત્યક્ષ કબજો |
| શ્રી કમલેશભાઈ કાંતિભાઈ સોલંકી અને શ્રીમતી હંસાબેન કમલેશભાઈ સોલંકી | ૦૪-૦૪-૨૦૧૯ | રૂા. ૧૯,૯૨,૪૦૬.૦૦ | ખુલ્લો પ્લોટ નં.-૨૨, ક્ષેત્રફળ ૧૦૮.૦૦ ચો.મી., સ્કીમ : કુસુમ રેસિડેન્સી, જે બિનકૃષિ જમીન રે. સ. નં. ૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૧૪૮.૦૦ ચો.મી., મોજે ગામ-સંધાસલ, તાલુકો-ડેસર, જિ. વડોદરા ખાતે આવેલ છે. ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : ડાહ્યાભાઈ પટેલની જમીન; પશ્ચિમ : રસ્તો; ઉત્તર : પ્લોટ નં.-૨૩; દક્ષિણ : પ્લોટ નં.-૨૧ | ૧૯-૧૦-૨૦૧૯ અને પ્રત્યક્ષ કબજો |
| શ્રીમતી કોકિલાબેન ચંદુભાઈ નાયક અને દીપકકુમાર ચંદુભાઈ નાયક (ગેરન્ટર) | ૨૫-૦૩-૨૦૧૯ | રૂા. ૧૯,૭૫,૩૧૦.૦૦ | ખુલ્લો પ્લોટ નં.-૧૪, ક્ષેત્રફળ ૧૦૮.૦૦ ચો.મી., સ્કીમ : કુસુમ રેસિડેન્સી, જે બિનકૃષિ જમીન રે. સ. નં. ૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૧૪૮.૦૦ ચો.મી., મોજે ગામ-સંધાસલ, તાલુકો-ડેસર, જિ. વડોદરા ખાતે આવેલ છે. ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : કુસુમ રેસિડેન્સીનો ૬ મીટર રોડ; પશ્ચિમ : પ્લોટ નં.-૧૧; ઉત્તર : પ્લોટ નં.-૧૩; દક્ષિણ : પ્લોટ નં.-૧૫ | ૧૯-૧૦-૨૦૧૯ અને પ્રત્યક્ષ કબજો |
| શ્રી કુણાલ પ્રકાશકુમાર ભટ્ટ | ૨૧-૦૪-૨૦૧૯ | રૂા. ૨૦,૬૮,૦૦૮.૦૦ | ફ્લેટ નં.-૩૦૫, ત્રીજો માળ, ક્ષેત્રફળ ૩૦-૦૦ ચો.મી., રોડ માર્ગ માટે સપ્રમાણ જમીન ૩૦ ચો.મી. સહિત, સ્કીમ-નાથાલાલ શોપિંગ સેન્ટર, જેનો રે. સ. નં. ૨૭૮, એફ.પી. ૩૩૦, ૩૩૧ અને ૩૩૨ પૈકી એફ.પી. નં.-૩૩૦, ટી.પી. સ્કીમ નં.-૫ માં છે, જેનો વડોદરા કસ્બા, ડિસ્ટ્રિક્ટ અને રજિ. સબ ડિસ્ટ્રિક્ટ વડોદરા છે. ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : ફ્લેટ નં.-૩૦૪; પશ્ચિમ : ફ્લેટ નં.-૩૦૬ લીવિંગ ચોક; ઉત્તર : ફ્લેટ નં.-૩૦૮; દક્ષિણ : ફ્લેટ નં.-૩૦૨. | ૨૧-૧૦-૨૦૧૯ અને સાંકેતિક કબજો |
| શ્રી રાજેશભાઈ દેવાભાઈ હરિજન અને શ્રી ધર્મેશકુમાર રાજેશ સોલંકી | ૦૧-૦૭-૨૦૧૯ | રૂા. ૧૭,૭૦,૨૦૮.૦૦ | ઘર, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા , સબ ડિસ્ટ્રિક્ટ-વડોદરા, જમીન રે. સ. નં. ૧૧૮, ૧૧૯, ૧૨૧, ક્ષેત્રફળ ૧૧૩૩૨ ચો.મી. પૈકી, રે. સ. નં. ૧૨૧ સ્કીમમાં બંધાયેલ છે, જેનું નામ-પ્રકાર : નારાયણધામ સોસાયટી વિભાગ-૨, પ્લોટ નં. બી/૯૯ ના પ્લોટમાં ક્ષેત્રફળ ૩૦.૨૫ ચો.મી., મોજે -સયાજીપુરા, ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : ૭.૫૦ મીટર રોડ; પશ્ચિમ : બ્લોક બી/૧૨૩; ઉત્તર : બ્લોક બી/૧૦૪; દક્ષિણ : ૭.૫૦ મીટર રોડ. | ૨૧-૧૦-૨૦૧૯ અને સાંકેતિક કબજો |
| શ્રી પ્રવીણ શાંતિલાલ સોલંકી અને શ્રીમતી રંજનબેન પ્રવીણભાઈ સોલંકી | ૨૮-૦૬-૨૦૧૯ | રૂા. ૧૯,૯૫,૮૩૦.૦૦ | ઘર નં. બી-૧૩૬, બિલ્ટ અપ એરિયા ૨૪૬.૦૦ ચો.ફુટ, સ્કીમ-નારાયણધામ સોસાયટી વિભાગ-૨, સયાજી પાર્ક પાછળ, સયાજીપુરા, વડોદરા-૩૯૦૦૧૯, જે રે. સ. નં. ૧૧૮, ૧૧૯, ૧૨૧ ની જમીન ઉપર છે, ક્ષેત્રફળ ૧૧૩૩૨-૦૦ ચો.મી. પૈકી, રે. સ. નં. ૧૨૧ ક્ષેત્રફળ ૫૮.૯૩ ચો.મી., મોજે સયાજીપુરા, રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ-વડોદરા અને ડિસ્ટ્રિક્ટ-વડોદરા. ચતુઃ સીમા આ મુજબ છે : પૂર્વ : રે. સ. નં. ૧૨૨, ૧૨૩; પશ્ચિમ : ૭.૫૦ મીટર રોડ; ઉત્તર : પ્લોટ નં. ૧૩૭; દક્ષિણ : સોસાયટીનો કોમન પ્લોટ. | ૨૧-૧૦-૨૦૧૯ અને પ્રત્યક્ષ કબજો* |

*શ્રી પ્રવીણ શાંતિલાલ સોલંકી અને શ્રીમતી રંજનબેન પ્રવીણભાઈ સોલંકીને આ સાથે સૂચિત કરવામાં આવે છે કે મિલકતમાં પડેલ તમામ માલસામાન આ નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૭ દિવસમાં ઉઠાવી લેવો - મિલકતની અંદર કે બહાર પડેલ માલસામાન ગૂમ/ચોરી થઈ જશે તો તે માટે બેન્ક જવાબદાર નથી.

તારીખ : ૨૪-૧૦-૨૦૧૯
સ્થળ : વડોદરા

સહી - અધિકૃત અધિકારી
ભારતીય સ્ટેટ બેંક - વડોદરા